અપીલ અરજી નં.૧૯૧ તા.૧૭–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી જીતુ બનવારી રાય
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતુ બનવારી રાયની તા.૧૨–૮–૦૯ ની અરજીથી આસી. એઓ***ની*** માહિ***તી*** બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૭–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૧/૨૦૦૯–૧૦

શ્રી જીતુ બનવારી રાયની તા.૧૨–૮–૦૯ ની અરજીથી આસી. એઓની માહિતી બાબતે અંગે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૮૨ તા.૨૩–૯–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારને અપીલ અરજીના આધાર પુરાવા કે તેના વાજબીપણાના કારણો વિગેરેનું વિવરણ જણાવવામાં આવેલ નથી. જે અંગે ફોર્મ 'જ' મોકલવામાં આવેલ જે અરજદારે તા.૨૯–૯–૦૯ ના રોજ ભરીને મોકલેલ છે. જેમાં અરજદારે તા.૧૨–૮–૦૯ ની અરજી બાબતે કોઈ પ્રતિભાવ મળ્યો નથી. તે અંગે રૂા.૨૦/– રસીદ નં.૩૬૩૧ થી ભરપાઈ કરેલ હોવાનું જણાયેલ છે. જયારે અપીલના આધાર કે વાજબીપણા અંગે કોઈ વિગતો પૂરી પાડેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૨–૮–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ ઉપશાસનાધિકારી શંકરભાઈને ફ.મો કોણે કર્યો અને કયારે અને શા માટે કર્યો તેની માહિતી મુદ્દા નં.૨ ઉપશાસનાધિકારીને પાછા નોકરીએ કોણે હાજર કર્યા કેવી રીતે કર્યો નિયમ મુજબ કાર્યવાહી થઈ છે કે કેમ? બોર્ડમાં શું નિર્ણય લેવાયો? જો બોર્ડ ધ્વારા કરાયેલી નિમણૂંક ગેરકાયદેસર હોય તો આટલા સમયનો પગાર જે ચૂકવાયો તે કોણ ભરપાઈ કરશે તેની માહિતીની પ્રમાણિત નકલો, મુદ્દા નં.૩ ઉપશાસનાધિકારી શંકરભાઈ પટેલને સસ્પેન્ડ કર્યા બાદ હાજર કરવાની સત્તા કોને છે? એમને કઈ પ્રક્રિયા ધ્વારા હાજર કર્યા નિયમ મુજબ એ કાર્યવાહી યોગ્ય છે કે કેમ? તમામ માહિતી. મુદ્દા નં.૪ મજકુરને કર્મચારીને કયા કારણોસર સસ્પેન્ડ કરવામાં આવેલ હતા કારણો અંગે શું તપાસ થઈ, તપાસનો રીપોર્ટ શું છે? તમામ નકલો મુદ્દા નં.૫ સસ્પેન્ડ કર્યા બાદ પાછી એ જ જગ્યા સમાયા કે કેમ તેની નિયમાવલી અને અભિપ્રાય તથા તપાસનો રીપોર્ટ નેગેટીવ હોય તો ફરી રીફર કરાયા છે કે કેમ? આગળની કાર્યવાહી કરી શકાય કે કેમ? તેના માટે શું કરી શકાય? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પત્ર ક્રમાંક/૫૯ તા.૧૭–૮–૦૯ થી અરજદારને તા.૧૨–૮–૦૯ ની અરજીના અનુસંધાનમાં માંગેલી માહિતીમાં માહિતી માંગનારે લખેલ પત્રમાં જરૂરી સહી કરેલ ન હોવાથી અરજી દફતરે કરવામાં આવે છે તેવો જવાબ અરજદારને પાઠવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી ટેલીફોનીક કે પત્ર ધ્વારા માહિતી મળેલ નથી તપાસ કરી તો મૌખિક જવાબ આપી દીધો કે અરજી દફતરી કરી દીધી છે. તો મારી અરજી દફતરે શા માટે કરી અને ટેલીફોનીક જાણ કેમ ન કરી જે ઉપશાસનાધિકારીની માહિતી હોવાથી તેમને દફતરે કરી હશે જે નિયમ વિરુધ્ધ છે અને દફતરે કરવા પહેલા અરજદારને જાણ કરવું જરૂરી હોય છે જે ૩૦ દિવસની પૂર્ણ થઈ હોવાથી મફત માહિતી આપવા રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અત્રે રજૂ કરેલ તા.૧૭–૮–૦૯ ના પત્રની નકલ અરજદારને લેખિતમાં જાણ કર્યાના પત્ર રજૂ કેરલ છે પરંતુ અરજદારે તેની જાણ તેમને લેખિતમાં મળેલ ન હોવાનો અપીલ તબકકે દાવો કરેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજી દફતરે અંગેના ડીસ્પેચ અંગેના કોઈ પુરાવા રજૂ કરેલ નથી. અરજદારે અત્રે રજૂ કરેલ પેપર્સમાં ન.પ્રા.શિ.સ. ની રસીદ નં.૩૬૩૧ તા.૧૨–૮–૦૯ થી રૂા.૨૦/– આરટીઆઈ એકટ હેઠળ ભરપાઈ કરેલ પુરાવાઓ રજૂ કરેલ છે તેમજ નમુના 'ક' ના અરજી ફોર્મમાં પણ અરજદારની સહી કરેલ જણાય છે. જયારે તેની સાથે માંગેલ માહિતી ઉપર અરજદારની સહી જણાતી નથી. આરટીઆઈ કાયદાના કલમ–૬(૧) હેઠળ રૂા.૨૦/ ભરપાઈ કર્યેથી આરટીઆઈ હેઠળ વિધિસરની અરજી ગણાય. વધુમાં અરજદારે પ્રસ્તુત કિસ્સામાં મુળ અરજી નુમના 'ક' માં પણ સહી કરેલ છે. તેની સાથે બીડાણ સહી થયેલ ન હોય તેથી અરજી આરટીઆઈ હેઠળ દફતરે કરી શકાય નહીં. જાહેર માહિતી અધિકારી તરફથી બીડાણમાં સહી નહીં હોવાથી અરજીને દફતરે કરવાનો નિર્ણય આરટીઆઈના કાયદા સાથે સુસંગત નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોય દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જીતુ બનવારી રાય,